મોબાઈલ ખરીદવાની તારી હેસીયત નથી કહેવુ શૉ રૂમ માલીકને ભારે પડ્યુ

આઠ લાખના મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

દોઢ મહિના પહેલા મોબાઈલ ખરીદવા ગયેલા નેપાળી યુવાનને સે. ૧૧ ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સના માલીકે અપમાનીત કરતા માત્ર બદલો લેવા આવળી મોટી મત્તાની ચોરીને અંજામ અપાયો : ૪૦ મોબાઈલ, ૩ ટેબલેટ અને ૨ લેપટોપ રીકવર

ગાંધીનગર, તા. ૭

શહેરના સેક્ટર-૧૧ સુમન સીટી કોમ્પલેક્ષમાં સ્થિત ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સ શૉ રૂમમાં અઠવાડીયા પહેલા મોંઘા મોબાઈલ, લેપટોપ અને ટેબલેટ મળી ૮ લાખના મુદ્દામાલની ચોરી થવા પામી હતી. આરોપી સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે આરોપી યુવાનની આજે ધરપકડ કરી લીધી છે. જેમાં ચોંકાવનારી હકીકતો બહાર આવી છે. મુળ નેપાળી અને હાલ સે. ૨૬માં ભાડે રહેતા યુવાને માત્ર બદલાની ભાવનાથી ગુનાને અંજામ આપ્યો હતો. દોઢ મહિના પહેલા મોબાઈલ ખરીદવા ગયેલા આ નેપાળી યુવાનને મોબાઈલ ખરીદવાની હેસીયત ન હોવાનું કહીને દુકાનમાંથી કાઢી મુકાતા તેને લાગી આવ્યું હતું અને અંતે તેણે આ ગુનાને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. સે. ૭ પોલીસે પકડાયેલા નેપાળી શખ્સની વધુ પુછપરછ શરૂ કરી છે.

એક અઠવાડિયા અગાઉ સે. ૧૧ ડ્રીમ ઈલેક્ટ્રોનીક્સ શૉ રૂમમાંથી મોબાઈલો તથા લેપટોપ મળીને રૂ. ૮.૫૮ લાખની મત્તાની ચોરી થયાની પોલીસ ફરીયાદ સે. ૭ પોલીસમથકે નોંધાવા પામી હતી. શૉ રૂમના માલીકે ઉતાવળમાં વધુ મોબાઈલની સંખ્યા આપી દીધી હતી. ૪૦ મોબાઈલ બે લેપટોપ અને ત્રણ ટેબલેટ મળીને કુલ રૂ. ૭,૭૪,૨૪૭નો મુદ્દામાલ હકીકતે ચોરાયો હોવાનું પછીથી માલીકે જણાવ્યું હતું. આ ચકચારી ચોરીના ઝડપી ડીટેકશન માટે રેન્જ ડી.આઈ.જી.પી. રાજીવ રંજન ભગતે સુચના આપતા જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારને જરૂરી સુચનાઓ આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ચોરી કર્યા પહેલા કેરોસીન લઈને શૉ રૂમ સળગાવી દેવા ગયો હતો..!

શૉ રૂમમાં અપમાનીત થયેલા નેપાળી યુવાને શૉ રૂમના માલીકને શબક શિખવાડવાની ગાંઠ મારી લીધી હતી. ૩૧મીએ રાત્રે આ શખ્સ ત્રણ-ત્રણ વાર શૉ રૂમમાં ઘુસ્યો હતો. પહેલી વાર શટરને ગ્રાઈન્ડરથી કાપીને કેરોશીન લઈને ઘુસ્યો હતો. શૉ રૂમ સળગાવી દેવાનો તેણે વિચાર કર્યો હતો પરંતુ આખા કોમ્પલેક્ષને નુકશાન થશે તેવું વિચારીને તે પાછો વળ્યો હતો ત્યાર બાદ કલાક પછી ફરી દુકાનમાં ઘુસ્યો અને બે-ત્રણ મોબાઈલ ચોરીને નીકળી ગયો હતો. પછીથી તેને લાગ્યું કે બે-ત્રણ મોબાઈલથી તેને કાઈ જ નુકશાન નહી થાય એટલે પરોઢીએ ફરીથી શૉ રૂમમાં બે ખાલી થેલા લઈને ઘુસ્યો હતો અને ૪૦ મોબાઈલ, ૨ લેપટોપ અને ૩ ટેબલેટની ચોરી કરીને આત્મસંતોષ લીધો હતો. ગ્રાહકને મોબાઈલ ખરીદવાની તેની હેસીયત નથી કહેવુ શૉ રૂમ માલીકને આ રીતે ભારે પડી ગયું..!

આરોપી કેવી રીતે પકડાયો..?

નેપાળી યુવાન ચોરી કરીને તેના ઘરે ગયો ત્યાર બાદ નેપાળ પાછુ જતુ રહેવાનો અચાનક નિર્ણય લઈ તેના મકાન માલીકને જણાવ્યું હતું. તે બે-ત્રણ દિવસથી જે પ્રમાણે ભાગ-દોડ કરતો હતો અને થેલાઓ સાથે જે રીતે ફરતો હતો તે જોઈને મકાનમાલીકને તેના પર શંકા જતાં પોલીસને તે શખ્સની ગતિવીધીઓ જણાવી હતી. ગાંધીનગર એલસીબીએ તે બાબતે તપાસ કરી સીસીટીવી ફુટેજમાં ઝડપાયેલા શખ્સ સાથે આ શખ્સને સરખાવતા ચોરીનો આરોપી પકડાઈ ગયો છે. આ મામલે પોલીસને સહકાર આપનાર મકાનમાલીક પણ રેન્જ ડીઆઈજીપી દ્વારા સન્માન કરવામાં આવશે.

સરીતા ઉદ્યાનનું કાફેટેરીયા ભાડાથી લેવા એક પણ અરજી ન આવી !

આકરી શરતો અને ઉંચા ભાડાના લીધે કોઈ અરજદારોએ રસ ન દાખવ્યો : બીજીવાર ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

સહેલાણીઓ માં આગવુ આકર્ષણ ધરાવતા સરિતા ઉદ્યાનમાં બંધ કાફેટેરીયા પુનઃ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આ મામલે ભાડાનો દર ઊંચો રાખવામાં આવ્યો હોવાથી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયાના અંતે એક પણ અરજદારે કાફેટેરીયાના સંચાલન માટે રસ દાખવ્યો નથી !

'જ' માર્ગ પર સ્થિત સરીતાઉદ્યાન સહેલાણીઓમાં વિશેષ આકર્ષણરૂપ હોવાથી રજાના દિવસો ઉપરાંત પીકએન્ડમાં પણ ઉદ્યાનમાં સહેલાણીઓની ભીડ જોવા મળે છે. પરંતુ નગરની આગવી ઓળખ સમા સરીતાઉદ્યાનની યોગ્ય જાળવણી માટે તંત્રએ નિરસતા દાખવતા લાંબા સમયથી ઉદ્યાન રોનક ગુમાવી રહ્યો હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જ્યારે ઉદ્યાનમાં સહેલાણીઓ માટે કોઈ નવા આકર્ષણો પણ ન હોવાથી સરીતાઉદ્યાનના વિકાસ માટે નવતર આયોજન થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે. છેલ્લા કેટલાક સમયથી ઉદ્યાનમાં પ્રેમીયુગલો અડીંગો જમાવી બેસતા છાપ પણ ખરડાઈ છે. બીજીતરફ ઘણો સમય બાદ સહેલાણીઓને ધ્યાને લઈ તંત્ર દ્વારા ઉદ્યાનમાં બંધ કાફેટેરીયા શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે, પરંતુ આકરી શરતો અને તોતિંગ ભાડાના લીધે આ આયોજન સફળ થઈ શક્યું નથી. બંધ કાફેટેરીયા શરૂ કરવા માટે તંત્ર દ્વારા વિવિધ ૩૩ શરતોને આધિન ભાડાપેટે ફાળવવા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ ટેન્ડરપ્રક્રિયાના અંતે પણ કોઈ અરજદારે રસ ન દાખવતા આખરે બીજીવાર ઓનલાઈન ટેન્ડર મંગાવવાની ફરજ પડી છે. માસિક લાખ રૂપિયાનો ભાડા દર નક્કી કરાયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

ગ્રીષ્મઋતુના આગમનની જાણે છડી પોકારતા હોય તેમ આંબા પર 'મ્હોર' આવી ગયા છે. સાથે લીમડા પર પણ 'ફુલ' આવી ગયા છે. કુદરતનું આ ચક ખરેખર અકલ્પનીય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે નરેન્દ્ર મોદીની ઈમ્ફાલ અને ગૌહતીમાં જનસભા

અમદાવાદ, તા. ૭

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ શનિવાર તા. ૮ ફેબ્રુઆરી-૨૦૧૪ના મણિપૂરના ઈમ્ફાલ તથા આસામના ગૌહતીમાં ભારતીય જનતા પાર્ટી આયોજિત મહાગર્જના સંદેશ જનસભાઓને સંબોધન કરશે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાની કમિશ્નરની ટીમનો સુરત ખાતે યોજાયેલ મેયરકપ ટુર્નામેન્ટમાં નાલેશીભર્યો પરાજય થયો છે.
- મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આજે કાઉન્સીલરોની ટીમ સુરત જવા રવાના થઈ રહી છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટને લઈ કોર્પોરેશનમાં છેલ્લા બે દિવસથી રજાનો માહોલ જામ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં પ્રમોશનથી ભરવાની થતી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક સંવર્ગ માટે પ્રર્વતતા યાદી પ્રસિદ્ધ કરાઈ છે.
- જિલ્લા પંચાયત પ્રમુખો અને ડી.ડી.ઓ.ની આજે યોજાયેલી સંયુક્ત બેઠકમાં અધિકારીઓના અક્કડ વલણ સામે તમામ પ્રમુખોએ પંચાયત મંત્રીશ્રી સમક્ષ નારાજગી વ્યક્ત કરી હતી.
- ચરમસીમાએ પહોંચેલી લગ્નસરાની સિઝનને લઈ ગાંધીનગરમાં વાહનવ્યવહાર વધવા પામ્યો છે.
- ચોરીઓના ભેદ ઉકેલવામાં મદદરૂપ થનાર હોમગાર્ડઝના જવાનોને પ્રશંસાપત્ર અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવનાર છે.
- રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૯મીએ ચેન્નાઈ જશે.

ન્યાયમંદિરમાં વધુ ચાર માળ બંધાશે

ગાંધીનગર, તા. ૭

સે. ૧૧માં સ્થિત ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડીંગને સાત મજલાનું બનાવવા આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ ડિસ્ટ્રીક્ટ કોર્ટનું બિલ્ડીંગ ત્રણ માળનું છે. જ્યારે વધુ ચાર માળ બાંધવા માટે ટુંકમાં ખર્ચની જોગવાઈ થયા બાદ કામ શરૂ કરી દેવાશે. ત્રણ મજલાના બિલ્ડીંગમાં લીફ્ટના અભાવે પણ વકીલો તેમજ અસીલોએ હાલાકી વેઠવી પડે છે. વધુમાં કોર્ટની સંખ્યા વધતા જરૂરી કામગીરી માટે મોકળાશના અભાવે પ્રશ્નો ઉદ્દભવે છે.

શહેરમાં સ્થિત ડિસ્ટ્રીક્ટ કોર્ટના બિલ્ડીંગમાં વધુ ચાર માળ બાંધવા વિચારણા હાથ ધરવામાં આવી છે. ડિસ્ટ્રીક્ટ કોર્ટનો દરજ્જો મળ્યા બાદ લાંબા સમયના અંતે પણ કોર્ટ બિલ્ડીંગમાં જરૂરી સુવિધાઓનો અભાવ વર્તાય છે. હાલ ત્રણ માળની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં કોર્ટની સંખ્યા વધતા કામનું ભારણ વધ્યું છે. આવા સંજોગોમાં કોર્ટ બિલ્ડીંગમાં નવા માળ બાંધી લીફ્ટની સુવિધા ઉભી કરવાનું પણ અનિવાર્ય બન્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

વીણાબેન વોરાને 'સમાજરત્ન એવોર્ડ'

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર નિવૃત્ત શિક્ષિકા

વીણાબેન વોરાને તેમની સેવાઓની કદરરૂપે શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ, માટુંગા (પાખાડી) દ્વારા 'સમાજ રત્ન' એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.શહેરની પ્રતિષ્ઠિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં તેઓએ સતત ૩૨ વર્ષ સુધી

● અનુસંધાન પાન-૭ પર

વેલેન્ટાઈન-ડેના એંધાણ - આવતા અઠવાડિયે 'વેલેન્ટાઈન-ડે' વિશ્વભરમાં ઉજવાશે... પ્રેમના એકરારનો પવિત્ર દિવસ વિશ્વના ખૂણેખૂણે વિવિધપ્રકારે ઉજવાય છે. ગુલાબથી લઈને અમૂલ્ય ભેટ આપવાની પરંપરા વધતી જાય છે.... વેલેન્ટાઈન કાર્ડની પણ બોલબાલા આજકાલ ખૂબ જ છે.... યુવાનો ખાસ દિલ આકારના ટેડીબેર આપી પ્રેમની અભિવ્યક્તિ કરવાનો અનોખો ટ્રેન્ડની સાથે સાથે વિવિધ પ્રકારની ભેટની ખરીદીનો માહોલ બજારમાં ધીમે ધીમે જામી રહ્યો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ડી.એસ.પી.એ ગોઠવેલી ડીકોઈને પગલે

નવા સચિવાલયના ગેટ નં. ૪ પાસેથી પીધેલી હાલતમાં કોન્સ્ટેબલ ઝડપાયો

નશામાં ધૂત કોન્સ્ટેબલને તાત્કાલિક અસરથી ડી.એસ.પી.એ સસ્પેન્ડ કર્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના અતિ સંવેદનશીલ ગણાતા નવા સચિવાલય સંકુલની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવા જિલ્લા પોલીસ વડા દ્વારા અવારનવાર ડીકોઈ ગોઠવવામાં આવે છે. આજે ગોઠવવામાં આવેલીને ડીકોઈને પગલે સલામતી સાખાના જવાનો એલર્ટ થઈ ગયા હતા. આ ડીકોઈ પહેલા જ નવા સચિવાલયના ગેટ નં. ૪ પાસેથી એક પોલીસ કોન્સ્ટેબલ દારૂ પીધેલી હાલતમાં પકડાઈ ગયો હતો. સલામતી શાખાના જવાનોએ તેને પકડી સે. ૭ પોલીસને હવાલે કર્યો હતો. જિલ્લા પોલીસ વડાએ તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યો હતો.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના અતિ સંવેદનશીલ ગણાતા નવા સચિવાલય સંકુલમાં દરરોજ અસંખ્ય વી.વી.આઈ.પી., નેતાઓ, અધિકારીઓ અને વ્યક્તિઓની અવરજવર રહે છે. ત્યારે તે સંકુલની સુરક્ષા વ્યવસ્થાને લઈને ખાસ ચકાસણી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકોના હિટલીસ્ટમાં વી.વી.આઈ.ઓના નામ પકડાયેલા આતંકવાદીના ઈન્ટ્રોગેશન રીપોર્ટમાં ખુલતા હાલ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ત્યારે નવા સચિવાલય સંકુલની ખાસ સુરક્ષા વ્યવસ્થાને લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંગલ દ્વારા અવારનવાર ડીકોઈ ગોઠવવામાં આવે છે. આવી જ ડીકોઈ આજે પણ ગોઠવવામાં આવી હતી જેની જાણ નવા સચિવાલય સુરક્ષા શાખાના જવાનોને થતા તેમણે સચિવાલયમાં પ્રવેશતા તમામ વાહનો અને મુલાકાતીઓની સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન નવા સચિવાલય ગેટ નં. ૪ આગળથી હથિયારી પોલીસ કોન્સ્ટેબલ જયંતિજી અમૃતજી ઠાકોર ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં પસાર થઈ રહ્યો હતો ત્યારે સુરક્ષા જવાનોને ખબર પડી જતા તેને ઝડપી પાડ્યો હતો. અને તેને સેક્ટર-૭ પોલીસમથકે સોંપી દીધો હતો. જ્યાં સેક્ટર-૭ પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. નશામાં ચકચૂર હથિયારી પોલીસ કોન્સ્ટેબલને જિલ્લા પોલીસવડાએ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યો હતો.

ધોળાકૂવાની મહીલાઓની પાણીના પ્રશ્ને રજૂઆત

ઝુંપડા વસાહતમાં જોડાણ આપવા પાટનગર યોજના વિભાગમાં હલ્લો મચાવ્યો

ગાંધીનગર, તા. ૭

પાણીના પ્રશ્ને ધોળાકૂવાની મહીલાઓએ આજે પાટનગર યોજના ભવનમાં હલ્લો મચાવ્યો હતો. પાણીનું જોડાણ મેળવવા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ગરમીના દિવસો પૂર્વે ધોળાકૂવાની ઝુંપડા વસાહતમાં પાણીનું જોડાણ આપવા તંત્રને રજૂઆત કરવામાં આવી હતી.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ગટરલાઈનનું કામ પણ અપૂર્ણ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. યોગ્ય અને પર્યાપ્ત ગટરલાઈનના અભાવે ગ્રામ્ય વિસ્તારમાં ગટરો ઉભરાવવાની સમસ્યાએ પણ ગ્રામજનો તોબા પોકારી જાય છે. બીજીતરફ ગટરલાઈનની કામગીરી દરમિયાન તુટેલા રસ્તાઓનું કામ પણ લાંબા સમયના અંજે હાથ ધરવામાં આવશે જ્યારે ઉનાળાની ગરમીના દિવસોમાં પાણીની પોકાર પણ ઘણીવાર ગ્રામજનો માટે તોબારૂપ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી., ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૩. ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮

ટેન્ડર નોટીસ

આ સંસ્થાની બિનઉપયોગી/બિનવપરાશી ચીજ વસ્તુઓ, ડેડ સ્ટોક જેવી કે કોમ્પ્યુટર, લેપટોપ, ફર્નીચર ફીક્ષચર, એલ્યુમિનિયમ તથા સ્ટીલના કેન, પ્લાસ્ટિક કેન, પ્લાસ્ટિક કેટ, ડીપ ફ્રીઝ, મિલ્ક કુલર, લોખંડ, પતરૂ તથા પ્લાસ્ટિકનો ભંગાલ વિગેરે વેચવાનો છે. તો રસ ધરાવતી પાર્ટીઓને, રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ, જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૧૪/૨/૨૦૧૪ સુધી કચેરી સમય દરમિયાન મળી શકશે. સીલબંધ ટેન્ડર ફોર્મ ડીપોઝીટ રૂ. ૫૦૦૦/- (રીફન્ડેબલ)ના ઉપરોક્ત સ્થળે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. સમય મર્યાદા બાદ પાછળથી આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર, ઓફર / ભાવ સ્વીકારવા કે નહિ તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડીરેક્ટર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Since 1994
॥ અભય ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
AD ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-100, 101, 104
R/A Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 11666, fax : 079-232 11666
HEAD OFFICE : E-303, Aman Flats, Opp. S.U.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25505843
email : abhay@abhaydecorators.com
www.abhaydecorators.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com